RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 13 * Issue No. 17 * Date: 05.11.2026,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

## દિવાળીના તહેવારોમાં પણ ૧૦૮ દોડતી રહેશે

# ૧૫૦૦ એમ્બ્યુલન્સ અને ૬૦૦૦ કર્મચારીઓનો સ્ટાફ ખડેપગે, સામાન્ય દિવસો કરતા કેસમાં ૨૦ ટકા વધારાની શક્યતા



દિવાળી અને નવા વર્ષના તહેવાર દરમિયાન ફટાકડા ફોડવાના અને અકસ્માતના બનાવોમાં વધારો થતો હોય છે. આ સમયે ૧૦૮ની સુવિધા લોકો માટે સંજીવની સાબિત થતી હોય છે. આ વર્ષે પણ દિવાળી અને નવા વર્ષના તહેવારને લઈ ૧૦૮ની ટીમે ખાસ એકશન પ્લાન તૈયાર કર્યો છે. તહેવારોના દિવસોમાં સામાન્ય દિવસ કરતા ૨૦ટકા જેટલા કેસ વધી જતા હોય છે. આ વર્ષે અલગ અલગ જિલ્લાઓમાં મળી કૂલ ૧૫૦૦ એમ્બ્યુલન્સ અને ૬૦૦૦નો સ્ટાફ એલર્ટ રહેશે. ભાસ્કરે ગુજરાત ૧૦૮ સર્વિસના ઝઈ જશવંત પ્રજાપતિ સાથે ખાસ વાતચીત કરી.

દિવાળીના તહેવાર દરમિયાન ઈમરજન્સી સેવાઓમાં દિવાળી, નવું વર્ષ અને ભાઈબીજ દરમિયાન અકસ્માત, દાઝી જવાના, ઝેરી પદાર્થ પીવાના અને અન્ય મેડિકલ ઈમરજન્સીના કેસોમાં વધારો થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. સામાન્ય દિવસોમાં ૧૦૮ દ્વારા દરરોજ સરેરાશ ૫,૫૦૦થી ૬,૦૦૦ ઈમરજન્સી કોલ હેન્ડલ કરવામાં આવે છે, જે દિવાળીના દિવસોમાં વધીને અંદાજે ૭,૫૦૦ સુધી પહોંચી શકે છે. આ સંભવિત વધારાને પહોંચી વળવા માટે માનવબળ, દવાઓ, એમ્બ્યુલન્સની જાળવણી અને ફિલ્ડ મેનેજમેન્ટ સહિતની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

હાલમાં ગુજરાતમાં ૧૦૮ સેવા હેઠળ આશરે ૧,૫૦૦ એમ્બ્યુલન્સ કાર્યરત છે. બીજી તરફ, પોલીસ, ફાયર, મેડિકલ અને અન્ય ઈમરજન્સી સેવાઓને એક જ પ્લેટફોર્મ પર લાવવા માટે શરૂ કરવામાં આવેલી ૧૧૨ ઈન્ટિગ્રેટેડ ઈમરજન્સી સેવા પણ તહેવારો દરમિયાન સજ્જ રહેશે. ૧૦૮ અને ૧૧૨ની ટીમો દ્વારા કોલના સંભવિત વધારાને ધ્યાનમાં રાખીને રિસોર્સિસનું આગોતરું આયોજન કરવામાં આવ્યું છે, જેથી ઈમરજન્સીના સમયે લોકોને ઝડપી સહાય મળી શકે અને દિવાળી દરમિયાન નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

આ અંગે ૧૦૮ ના ઝઈ જસવંત પ્રજાપતિએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૧૦૮ ઈમરજન્સી સેવા છેલ્લા ૨૦ વર્ષથી કાર્યરત છે. દરેક વર્ષે કયા સમયે કયા જિલ્લામાં કયા પ્રકારની ઈમરજન્સીમાં વધારો થઈ શકે તેમ છે, એનું સાયન્ટિફિક એનાલિસિસ અમારી ટીમ દ્વારા કરવામાં આવે છે. એ ફોરકાસ્ટ અનુસાર અમે અમારા રિસોર્સિસને પણ અલાઈન કરીએ છીએ, જેના કારણે વધનારા કોલ વોલ્યુમને પહોંચી વળવા માટે અમારા કઠવાડા ખાતેના ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર્સમાં વધારે જરૂરિયાત મુજબના ઈઆરઓ છે (એટલે કે ઈમરજન્સી રિસ્પોન્સ ઓફિસર), ટીમ લીડ્સ અને ઈઆરસીપી ફિઝિશિયન્સ વધારે અમે ડિપ્લોય કરીએ છીએ.

એવી જ રીતે ફિલ્ડમાં પણ જે જે જિલ્લાઓમાં કે શહેરોમાં અને ખાસ કરીને અમુક સ્થળોમાં પણ, કારણ કે અમે ગૂગલ હોટસ્પોટ્સની થિયરીને ફોલો કરીએ છીએ જેથી અમારો રિસ્પોન્સ ટાઈમ મિનિમાઈઝ રહે અને પેશન્ટને અથવા તો વિક્ટિમ્સને ઝડપથી આ સેવા પ્રાપ્ત થઈ શકે તે માટે અમારી એમ્બ્યુલન્સનું ડાયનેમિક રીલોકેશન અમે કરતા હોઈએ છીએ. તો આ બધી જ પ્રક્રિયામાં વધારાનું દિવાળી જ્યારે ફેસ્ટિવલ હોય છે ત્યારે ગુજરાતની અંદર દિવાળી એ લગભગ પાંચ થી સાત દિવસનું લાંબુ પર્વ છે જેમાં ઘણા બધા પ્રાઈવેટ હોસ્પિટલ્સ બંધ હોય છે અને ડોક્ટર્સ પણ રજા પર હોય છે.

જશવંત પ્રજાપતિએ વધુમાં જણાવ્યું કે, ગુજરાતના પી.એચ.સી., સી.એચ.સી.માંથી જે સારા એમ્બ્યુલન્સીસ હતા એને પણ અમારી ૧૦૮ની સિસ્ટમ સાથે ઈન્ટિગ્રેટ કરવાથી લગભગ અમારી ૧૫૦૦ જેટલી એમ્બ્યુલન્સીસ ગુજરાતમાં કાર્યરત છે, જેના કારણે અમારો રિસ્પોન્સ ટાઈમ પણ જે ૧૫-૧૬ મિનિટ હતો એ ઘટીને ૧૧ થી ૧૨ મિનિટ અને શહેરોમાં તો લેસ ધેન ૧૦ મિનિટ્સ રિસ્પોન્સ ટાઈમ અમે પહોંચી શક્યા છીએ.

આ ઉપરાંત આ વર્ષે ૧૧૨ નંબરની ઈન્ટિગ્રેટેડ ઈમરજન્સી સર્વિસ અમલમાં આવેલી છે, જેના અમ્બ્રેલામાં ૧૧૨ હેઠળ પોલીસની ૧૦૦ નંબરની જે કાર્યરત હતી એ સેવાઓ, ફાયરની ૧૦૧ નંબરની સેવાઓ, ૧૦૮ નંબરની મેડિકલ ઈમરજન્સી સેવાઓ, ૧૮૧ અભયમ વુમન હેલ્પલાઈન, ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ૧૦૭૦ અને ૧૦૭૭ આ બધી જ સિસ્ટમ્સનું ઈન્ટિગ્રેટ કરીને આખા રાજ્યમાંથી કોઈપણ પ્રકારની ઈમરજન્સી હોય માત્ર ૧૧૨ નંબર ડાયલ કરવાથી તમામ પ્રકારની જરૂરી હેલ્પ—તે હેલ્પ પોલીસની હોઈ શકે, ફાયરની હોઈ શકે, ડિઝાસ્ટર મેનેજમેન્ટની હોઈ શકે, મેડિકલ ઈમરજન્સીની હોઈ શકે કે વુમન સેફ્ટીની હોઈ શકે—તો અમારા કોલ સેન્ટરમાંથી સીધો જ એનો પ્રતિસાદ આપી અને યોગ્ય રિસોર્સિસને એક્ટિવેટ કરી શકાય, રિસ્પોન્સ ટાઈમ મિનિમમ થઈ શકે.




## કલેક્ટરનું કડક જાહેરનામું:ગાંધીનગરમાં દિવાળી ટાણે રાત્રે ૮થી ૧૦ જ ફટાકડા ફોડી શકાશે, લડી અને ચાઈનીઝ તુક્કલ પર સંપૂર્ણ પ્રતિબંધ

આગામી તહેવારો દરમિયાન પર્યાવરણનું રક્ષણ કરવા તેમજ જાહેર જનતાની સલામતી જાળવવાના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટની ગાઇડલાઇન્સના ચુસ્ત અમલીકરણ અર્થે ગાંધીનગરના જિલ્લા મેજિસ્ટ્રેટ રવિન્દ્ર ખતાલે દ્વારા સમગ્ર જિલ્લામાં ફટાકડાના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ફોડવા અંગે નિયંત્રણો લાદતું વિગતવાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ નિયમોનો ભંગ કરનાર સામે કાયદેસરનાં પગલાં લેવાની સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે.જાહેરનામા અનુસાર, ગાંધીનગર જિલ્લાના મહેસૂલી વિસ્તારમાં માત્ર ઈર્જી માન્યતા પ્રાપ્ત અને ઓછું ઉત્સર્જન કરતાં ગ્રીન ફટાકડાનું જ વેચાણ અને ઉપયોગ કરી શકાશે. અતિશય અવાજ કરતાં અને વધુ માત્રામાં વાયુ પ્રદૂષણ તેમજ ઘન કચરો ફેલાવતી ફટાકડાની લડીઓના ઉત્પાદન, વેચાણ અને ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત, સુપ્રીમ કોર્ટના નિર્દેશ અનુસાર ફટાકડા બનાવવા માટે ઝેરી બેરિયમ રસાયણના ઉપયોગ પર પણ આકરી રોક લગાવવામાં આવી છે.




વેપારના નિયમો વધુ કડક બનાવતાં તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે માત્ર માન્ય લાયસન્સ ધરાવતા વેપારીઓ જ ભૌતિક દુકાનો મારફતે ફટાકડા વેચી શકશે. કોઈપણ ઈ-કોમર્સ પ્લેટફોર્મ કે વેબસાઇટ પરથી તમામ પ્રકારના ફટાકડાના ઓનલાઈન વેચાણ કે હોમ ડિલિવરી પર સખત મનાઈ ફરમાવાઈ છે. આ સાથે બજારમાં બિનઅધિકૃત રીતે પ્રવેશતા વિદેશી ફટાકડાની આયાત, સંગ્રહ અને વેચાણ પર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. વેચાણ માટે ફક્ત નિયત ડેસિબલ મર્યાદાવાળા અને બોક્સ પર યોગ્ય માર્કિંગ ધરાવતા ફટાકડા જ માન્ય ગણાશે.સ્કાય લેન્ટર્ન (તુક્કલ): આકાશમાં ઉડાડવામાં આવતા સ્કાય લેન્ટર્નના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ પર આગની સંભવિત દુર્ઘટના અટકાવવા સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

જાહેર સલામતીના હિતમાં બજારો, શેરીઓ, જાહેર માર્ગો, પેટ્રોલ પંપ, ન્ય બોટલિંગ પ્લાન્ટ, ગોડાઉન તેમજ એરપોર્ટની આસપાસ ફટાકડા ફોડી શકાશે નહીં. આ ઉપરાંત હોસ્પિટલો, નર્સિંગ હોમ, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને 'સાયલેન્ટ ઝોન' જાહેર કરવામાં આવ્યો છે

## ગાંધીનગર મહાનગરપાલિકાના નવનિયુક્ત પદાધિકારીશ્રીઓ આજે વિધિવત રીતે પદભાર સંભાળશે




ગાંધીનગર મહાનગરપાલિકાના નવનિયુક્ત પદાધિકારીશ્રીઓનો પદભાર ગ્રહણ સમારંભ આવતીકાલ તારીખ ૦૫ નવેમ્બર, ૨૦૨૬ ને ગુરુવારના રોજ સવારે ૯:૦૦ કલાકે યોજાશે. પાટનગર ગાંધીનગરના સેક્ટર-૧૭ ખાતે આવેલી ગાંધીનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરીના ચોથા માળે આ વિશેષ સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે, જ્યાં નવનિયુક્ત પદાધિકારીશ્રીઓ શહેરના વિકાસ અને વહીવટી કામગીરીને આગળ ધપાવવા માટે વિધિવત રીતે પોતાનો કાર્યભાર સંભાળશે.આ ગરિમાપૂર્ણ સમારંભમાં ગાંધીનગરના નવનિયુક્ત મેયર તરીકે શ્રી રૂપસિંહ ઠાકોર, ડેપ્યુટી મેયર તરીકે શ્રીમતી અંજનાબેન મહેતા અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે શ્રી મહેન્દ્રભાઈ પ્રહલાદભાઈ પટેલ(દાસ) પોતાનો હોદ્દો ગ્રહણ કરશે. આ ઉપરાંત મહાનગરપાલિકામાં શાસકપક્ષના નેતા તરીકે શ્રી જશપાલસિંહ બિહોલા અને દંડક તરીકે શ્રી સેજલબેન કનુભાઈ પરમાર પણ વિધિવત રીતે પોતાની નવી જવાબદારીઓ સંભાળશે. નવનિયુક્ત ટીમ દ્વારા પાટનગરના સર્વાંગી વિકાસ, પાયાની માળખાગત સુવિધાઓના વિસ્તરણ અને પ્રજાલક્ષી કાર્યોને વધુ ઝડપી તથા પારદર્શક બનાવવાની દિશામાં સક્રિય કામગીરી હાથ ધરવામાં આવશે.આ પદભાર ગ્રહણ પ્રસંગે ગાંધીનગર શહેરના પ્રબુદ્ધ નાગરિકો, વિવિધ સામાજિક અને સેવાભાવી સંસ્થાઓના અગ્રણીઓ, ચૂંટાયેલા કાઉન્સિલરશ્રીઓ પાર્ટી ના તમામ હોદેદારો અને મહાનુભાવો , કાર્યકર્તાઓ તેમજ નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને નવનિયુક્ત પદાધિકારીશ્રીઓની શુભેચ્છા મુલાકાત લેશે અને તેમને નવી જવાબદારી બદલ અભિનંદન પાઠવશે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ પદભાર ગ્રહણ સમારંભમાં પધારવા માટે શહેરના નાગરિકો અને શુભેચ્છકોને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## તંત્રી લેખ

### અમૂલ ઘી ૫૦, બટર ૧૫ મોંઘું... દિવાળી પહેલા ભાવ વધારો ઝીંકાયો, તહેવારોમાં મીઠાઈ મોંઘી થશે

તહેવારોની સિઝનમાં મિઠાઈઓ અને વાનગીઓ બનાવવાની તૈયારી કરી રહેલા સામાન્ય નાગરિકોના બજેટ પર મોટો ફટકો પડ્યો છે. દિવાળીના તહેવાર પૂર્વે જ અમૂલે ઘી અને બટરના ભાવમાં વધારો ઝીંક્યો છે. કંપની દ્વારા ૧ કિલો ઘીના પેકેટ પર સીધો ?૫૦નો વધારો કરવામાં આવ્યો છે, જ્યારે ૫૦૦ ગ્રામ બટરનું પેકેટ પણ ?૧૫ મોંઘું થઈ ગયું છે. ભાવવધારાની સાથે સાથે કેટલાક બજારોમાં અમૂલના ગાયના ઘીની અછત પણ જોવા મળી રહી છે, જેના કારણે ગ્રાહકોની મુશ્કેલીઓ વધી ગઈ છે.

અમૂલના નવા ભાવ મુજબ, ૧ કિલો ઘીનું પેકેટ હવે ?૬૩૦ના બદલે ?૬૮૦માં મળશે. તે જ રીતે ૫૦૦ ગ્રામ ઘીના પાઉચની કિંમત ?૩૨૫થી વધારીને ?૩૪૫ કરવામાં આવી છે. બટરની વાત કરીએ તો, ૧૦૦ ગ્રામ બટરનું પેકેટ ?૬૩થી વધીને ?૬૬ અને ૫૦૦ ગ્રામનું પેક ?૩૧૦થી વધીને ?૩૨૫ થઈ ગયું છે. આ ઉપરાંત ઓનલાઈન પ્લેટફોર્મ પર ગાયનું ઘી ?૭૪૦ પ્રતિ લીટર અને ભેંસનું ઘી ?૭૨૦ પ્રતિ લીટરના ભાવે મળી રહ્યું છે, જ્યાં પણ સ્ટોક ઓછો હોવાના સંકેતો મળી રહ્યા છે.

**ઘીના ભાવ વધવા અને સપ્લાય ખોરવાવા પાછળ માગમાં ભારે ઉછાળો જવાબદાર માનવામાં આવે છે. તાજેતરમાં ગુજરાત અને રાજસ્થાનમાં નકલી ઘી વિરુદ્ધ થયેલી કાર્યવાહી બાદ ગ્રાહકોનો ભરોસો બ્રાન્ડેડ ઘી પર વધ્યો છે. છેલ્લા ૬ મહિનામાં આ બંને રાજ્યોમાંથી આશરે ૨ લાખ કિલો નકલી ઘી જપ્ત કરાયું હતું. આ સિવાય તહેવારો દરમિયાન આખા વર્ષના કુલ ઘીના વપરાશનો લગભગ ૪૫% હિસ્સો વપરાય છે, જેના કારણે સપ્લાય ચેઈન પર ભારે દબાણ સર્જાયું છે.**

# રંગોળી સૅંસ્કૃત શબ્દ રંગાવલ્લી પરથી આવ્યો : દિવાળી સહિત અનેક ઉત્સવોમાં રંગોળી કરવામાં આવે છે





અમદાવાદઃ રંગોળી એ ભારતમાં ઉત્સવો તહેવાર અને શુભ પ્રસંગે ઘર આંગણે, ઓસરી , ખંડમાં વિવિધ રંગો દ્વારા ખુશી વ્યક્ત કરવામાં આવે છે. દરેક પ્રાંતમાં ઉપલબ્ધ રંગોથી ઉત્સવ પ્રમાણે આકૃતિ તૈયાર કરી લાગણીને વ્યક્ત કરવામાં આવે છે.જેમાં ધાર્મિક માન્યતાઓ ફૂલ છોડથી માંડી રચનાત્મક આકૃતિઓ તૈયાર કરી રંગોળી પૂરવામાં આવે છે. જેમાં ચૂનાના પત્થર, લાલ ગેરુ, સૂકા ચોખાનો લોટ, રંગીન રેતી, પાવડર, ફૂલોની પાંખડીઓ અને રંગીન ખડકો જેવી સામગ્રીનો ઉપયોગ કરીને ફૂલોર સજાવવામાં આવે છે. સૌથી મહત્વની વાત એ છે કે ભારતના કેટલાક પ્રાંતમાં હિંદુ ઘરોમાં રોજ રંગોળી પૂરવાની પ્રથા છે.રંગોળી તૈયાર કરતી વખતે આકૃતિ અને રંગ પૂરણીમાં સમય લાગે છે. જેથી રંગોળી સામાન્ય રીતે દિવાળી તિહાર, ઓણમ, પોંગલ, ઉગાદી જેવા મોટા હિંદુ તહેવારોમાં વધારે જોવા મળે છે.આ સાથે યજ્ઞ કે હોમ હવન વેળાએ વેદીની આસપાસ આરાધ્ય દેવના સાંનિધ્યમાં રંગોળી પૂરવામાં આવે છે. કેટલાક ગોવા, દિલ્હી સહિત કેટલાક સ્થળોએ ફૂલોની રંગોળી સજાવટ કરવામાં આવે છે.રંગોળી પાછળ વિજ્ઞાન પણ જોડાયેલું છે. સ્ત્રી કે પુરુષ રંગોળી બનાવતા જુદી જુદી મુદ્રા દ્વારા રંગોળી બનાવે છે. જેનાથી મનની સાથે શરીરને પણ કસરત મળે છે. બીજી તરફ રંગોળી કરતાં પહેલાં સાફ સફાઇ કરવી જરૂરી બની જાય છે. એટલે પ્રવેશ દ્વારમાં જ સકારાત્મક વિચારો સાથેની કલાત્મક રંગોળીથી આંગણ અને ઘર દીપી ઉઠે છે.દરિદ્રતાને અવકાશ રહેતો નથી. યોગ્ય રંગો પાવડરના ઉપયોગ થી જીવ જંતુઓનો પ્રવેશ પણ અટકે છે. માન્યતા પ્રમાણે ઘરમાં ખુશી સાથે લક્ષ્મીનો પ્રવેશ થાય છે. રાજ્ય અને સંસ્કૃતિના આધારે અલગ અલગ નામો છે. રંગોળી સંસ્કૃત શબ્દ ' રંગવલ્લી ' પરથી આવ્યો છે.દિવાળીમાં ઘણાં વર્ષોથી આંગણ અને મુખ્ય ખંડને રંગોળીથી સજાવતા અમદાવાદના ડો. ધરા કાપડિયા એ આ વર્ષે રામલલ્લાના ૧૪ વર્ષના વનવાસથી પ્રેરિત થીમ આધારિત રંગોળી તૈયાર કરી છે. આ સાથે દશ ફૂટ કરતાંય મોટી રંગોળીમાં આઠ કિલો જેટલા રંગોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.ડો. ધરા કાપડિયાએ જણાવ્યું હતુકે આ વર્ષે રામલલ્લાની સાથે ગણપતિ, હનુમાન, શિવલિંગ, કાલીમાતા, કમળ, જાસુદ, શુભ લાભ, મીઠાઈ ,કળશ, ફટાકડા, દીવા, સ્વસ્તિક, ઓમ, મોરને રંગોળીમાં આવરી લીધા છે. સૌથી મહત્વની વાત આ સ્પેશિયલ રંગોળીને નિહાળવા માટે દિવાળી પછી પણ ઘણાં મિત્રો મહેમાનો ખાસ ઉપસ્થિત રહે છે. -વસંત મહેતા (દાદુ )

# બનાસકાંઠામાં ૧૦ હજાર કિલોથી વધુ મીઠાઈ વેચાશે:દેશી ગાયના ઘી અને દૂધમાંથી બનેલી મીઠાઈના વેચાણનો નફો ગૌશાળામાં વપરાશે



દિવાળીના પર્વ નિમિત્તે બનાસકાંઠા જિલ્લામાં ગૌસેવાના ઉમદા હેતુ સાથે ૧૦,૦૦૦ કિલોથી વધુ દેશી ગાય આધારિત મીઠાઈના વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (ઇજીજી) પ્રેરિત ગૌસેવા ગતિવિધિ ગુજરાત પ્રાંત અને બનાસકાંઠા વિભાગની પ્રેરણાથી શ્રી રાજારામ ગૌશાળા આશ્રમ, ટેટોડા દ્વારા આ સેવાયજ્ઞ યોજવામાં આવ્યો છે. છેલ્લા ૭ વર્ષથી દિવાળીના પર્વ પર આ પ્રકારનું આયોજન સતત કરવામાં આવી રહ્યું છે.આ અભિયાન અંતર્ગત દેશી ગાયના શુદ્ધ ઘી અને દૂધના માવામાંથી કાજુ કતરી, મોહનથાળ, મોતીચૂરના લાડુ, કાલાજામ અને ટોપરાપાક સહિતની વિવિધ ગુણવત્તાસભર મીઠાઈઓ તૈયાર કરવામાં આવી છે. છેલ્લા ૭ દિવસથી આ મીઠાઈ બનાવવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. પાલનપુર, ડીસા અને થરાદ સહિત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સ્થાનિક સંયોજકો મારફતે આ મીઠાઈનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.ગૌસેવા સંયોજક હિતેશ ગામીએ જણાવ્યું હતું કે, આ આયોજનનો મુખ્ય હેતુ સમાજમાં દેશી ગાયનું મહત્વ સમજાવીને નાગરિકોને ગૌસેવા સાથે જોડવાનો છે. આ મીઠાઈના વેચાણમાંથી પ્રાપ્ત થનાર સમગ્ર નફો ગૌશાળામાં ગૌસેવાના વિવિધ કાર્યો માટે અર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે ટેટોડા ગૌશાળાના મહંત રામરતનજી મહારાજ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



# અમદાવાદ આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવ ૨૦૨૬માં સનાતન સંસ્થા દ્વારા અધ્યાત્મિક ગ્રંથોનું ભવ્ય પ્રદર્શનનું આયોજન સંપન્ન !




અમદાવાદ : સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે ૨૪ ઓક્ટોબર થી ૧ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન આયોજિત 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ – ૨૦૨૬' સફળતાપૂર્વક પૂર્ણ થયો. આ વિશાળ પુસ્તકમેળામાં સનાતન સંસ્થાએ પોતાના વૈશિષ્ટપૂર્ણ સહભાગ દ્વારા વાચક, પુસ્તકપ્રેમી, સંસ્કારપ્રેમી, ધર્મપ્રેમીઓનું વિશેષ ધ્યાન આકર્ષ્યું. સ્ટોલ નં. ઝ-૩૫ પર સંસ્થાએ રાષ્ટ્રરક્ષા, ધર્મજાગૃતિ, અધ્યાત્મ, ધર્મશિક્ષણ, બાલ સંસ્કાર તથા આયુર્વેદ જેવા રાષ્ટ્ર-સમાજના કલ્યાણ માટે અગત્યના વિષયો પર આધારિત ગ્રંથોનું સુવ્યવસ્થિત, સચિત્ર અને જ્ઞાનસભર પ્રદર્શન યોજાયુ હતું. આ પ્રદર્શન માત્ર પુસ્તકાવલોકન પૂરતું ન રહી, પરંતુ સનાતન ધર્મ અને અધ્યાત્મની અનુભૂતિ કરાવતું એક જ્ઞાનમંદિર બની રહ્યું.બુક ફેસ્ટિવલ માં સંસ્થાના સ્ટોલ પર અંદાજિત ૪,૦૦૦ જેટલા પુસ્તકપ્રેમી, સંસ્કારપ્રેમી, ધર્મપ્રેમી અને વાચનપ્રેમીઓ પધાર્યા હતા , ઘણા વાચકો અને ધર્મપ્રેમીઓએ ગ્રંથોની ખરીદી સાથે સંસ્થાના કાર્ય અંગે વિશેષ રસ દર્શાવ્યો. મેળા દરમિયાન અનેક પ્રખ્યાત માનનીય મહાનુભાવો સ્ટોલ પર પધાર્યા અને પ્રદર્શનનું અવલોકન કર્યું. તેમાં જૈન મુનિ પૂ . સત્યજીત જી , કનૈલલાલ મહારાજજી (સુરત) , ડૉ . નિરંજન પટેલ (સરદાર પટેલ કોલેજ ના વાઇસ ચાન્સેલર ) મીડિયા પર્સનાલિટી ઇન્ન ચિરાગ ત્રિપાઠી , જેવા મહાનુભાવોનો સમાવેશ થાય છે.બધાએ સનાતન સંસ્થાના કાર્યની પ્રશંસા કરતાં જણાવ્યું કે આજના સમયમાં રાષ્ટ્રરક્ષા, ધર્મજાગૃતિ, અધ્યાત્મ, ધર્મશિક્ષણ અને આયુર્વેદ જેવા વિષયો સમાજ માટે અત્યંત આવશ્યક છે, અને આ ક્ષેત્રોમાં સંસ્થા દ્વારા છેલ્લા અનેક વર્ષોથી થતું અનવરત કાર્ય પ્રશંસનીય છે .આ પુસ્તક મેળાનું સંપૂર્ણ આયોજન છસ્ઝ દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યાં ઘણાં બધાં પ્રકાશકો ના પુસ્તકોને વાચકો સુધી પહોંચાડવાનું સારું આયોજન કરવામાં આવ્યું.એડ. (શ્રીમતી) ઋચા સુળેસનાતન સંસ્થા,ગુજરાત




અંધજન મંડળના સ્પેશિયલ નીડ સેન્ટર ના દિવ્યાંગ બાળકો એ દિવાળી ની ધૂમધામ થી ઉજવણી કરી. બાળકો નવા કપડાં પહેરી, મીઠાઈ ખાઈ, ફટાકડા ફોડીને નવા વર્ષની ઉજવણી કરી.

# જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે 'સેતુ સેમિનાર' યોજાયો

જેન્ડર જાગૃતિ અને મહિલા સશક્તિકરણની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતા, જી.એમ.ઈ .આર.એસ. મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે ડીનશ્રી ડૉ. અંકુર ઝાલાવાડિયા અને સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. મિતા પરીખના માર્ગદર્શન હેઠળ તાજેતરમાં ૦૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ એક દિવસીય 'સેતુ સેમિનાર' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

જેન્ડર રિસોર્સ સેન્ટર (જી.આર.સી.), ગાંધીનગરના સહયોગથી યોજાયેલા આ સેમિનારમાં મેડિકલ કોલેજના તબીબી શિક્ષકો, વિદ્યાર્થીઓ, નર્સિંગ સ્ટાફ તેમજ અન્ય કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય સ્ત્રી-પુરુષ સમાનતા, કામના સ્થળે સુરક્ષા અને તંદુરસ્ત જીવનશૈલી અંગે જાગૃતિ ફેલાવવાનો હતો.

સેમિનાર દરમિયાન જેન્ડર રિસોર્સ ઓફિસર શ્રી મહેન્દ્રભાઈ મકવાણા, શ્રીમતી શૈલેન્દ્રકુમારી ઝાલા અને કુમારી પૂજા ચૌહાણ દ્વારા નીચે મુજબના મહત્વપૂર્ણ વિષયો પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.જે અંતર્ગત જેન્ડર ડેવલપમેન્ટમાં સમાનતા અને પ્રગતિના પ્રયાણો,જાતિ આધારિત ભેદભાવ અને હિંસામાં અટકાયત અને જાગૃતિ,જીઝ્ઁ છઠ્ઠં ૨૦૧૩ અંતર્ગત કામના સ્થળે જાતીય સતામણી અટકાવવાનો કાયદો અને તેની જોગવાઈઓ,મહિલા સુરક્ષા સહાય ૧૮૧ અભયમ હેલ્પલાઈન અને સરકાર દ્વારા મહિલાઓને મળતી વિવિધ સહાયની વ્યવસ્થાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.આ ઉપરાંત,જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ, ધારપુર-પાટણના કોમ્યુનિટી મેડિસિન વિભાગના સહપ્રાધ્યાપક ડૉ. તેજશ શાહ દ્વારા ઉપસ્થિત સહભાગીઓને પોષણ અને આરોગ્ય અંગે ખૂબ જ ઉપયોગી અને વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી.સેમિનારમાં તમામ સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No: 168**

વિષયઃ દિવાળીઃ પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો
શિર્ષકઃ આધ્યાત્મ પર્વ
પ્રકારઃપદ્ય શબ્દોઃ૭૫

દિપોત્સવ પ્રકાશનું પર્વ સંસ્કૃતિ વારસામાં મળ્યું છે,
દિપોત્સવી પ્રકાશનું પર્વ ૨આનંદોત્સવ થી ઉજવીએ.

આધ્યાત્મ પર્વ સંસ્કૃતિને જીવનમાં પ્રકાશિત કરીએ,
આત્મા સ્વમાં પ્રકાશિત છે તો આત્મજ્ઞાનમાં રહીએ.

દિલનાં દીવાને સદા પ્રકાશિત રાખી હસતાં રહીએ.
દિલનાં દીવા જેવો કોઈ પ્રકાશ નથી આ દુનિયામાં.

દિલના દીવા આજે ઓલવાઈ ગયા છે અજ્ઞાનતાથી,
મોર્ડન ઈલેક્ટ્રોનિક્સ દીવા દિમાગમાં સળગી રહ્યાં છે !

દીપોત્સવ પ્રકાશનું પૂર્વ સંસ્કૃતિ વારસામાં મળ્યું છે,
સંસ્કૃતિને 'મા' સમજી આધ્યાત્મ પર્વને ઉજવીએ .

દિવાળી પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિને ફેલાવીશું, ગુજરી
ભૂલી જઈ માફ કરી અમો બધાં સાથે રહીશું.

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (અમદાવાદ)
★★★★★★★
ર્દ્રય જીજી ર્દ્રઃ- ૩૬૪
વિષયઃ- પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો
શીર્ષકઃ- "જ્ઞાનદીપ પ્રગટાવીએ "
પ્રકારઃપદ્ય શબ્દોઃ૧૦૮

" જ્ઞાનદીપ પ્રગટાવીએ"

મારાં સ્નેહીજનો, દિપાવલી આવી,
ઘર ઘર દીપ પ્રગટાવીએ,
ઈચ વન ટીચ વન કરીને, જ્ઞાનદીપ પ્રગટાવીએ.

હોંશે હોંશે અન્યોન્ય મળીને શુભ મિલન કરીએ,
વર્ષ પૂર્ણ થયે, વીતેલાં વર્ષ પર શુભ ચિંતન કરીએ,
સંસ્કૃતિના વારસા રૂપ પ્રકાશપર્વ છે તો નવ - દીપ પ્રગટાવીએ.

વેર - ઝેરની વાતો ભૂલીને સમાજ કાજે કંઈક કરીએ,
ગઈકાલ માટે ક્ષમાયાચના, હવે આજ માટે કંઈક કરીએ,
હાર - જીત ગૌણ ગણીને, હવે જય - દીપ પ્રગટાવીએ.

અજ્ઞાનનું અંધારું હટાવીને ચોપાસ અજવાશ કરીએ,
પ્રેમભાવ મીઠાશથી મળીને, સમાજમાંથી કડવાશ હરીએ,
અમંગલ બધેથી દૂર હો, ચાલો, મંગલદીપ પ્રગટાવીએ.

નફરતનાં ઝાળા દૂર કરીને સર્વેને મળતાં જ રહીએ,
"દિલ સાફ તો બધું માફ"- આ વાતને સમજતાં રહીએ,
"પંકજ"- પોતાનાંને કદી ના ભૂલીને પ્રેમદીપ પ્રગટાવીએ.

મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા ( ઉપલેટા )
★★★★★★★
ર્દ્રય જીજી ર્દ્રઃ૨૨૬
વિષયઃ- પ્રકાશનું પર્વ- સંસ્કૃતિનો અમૂલ્ય વારસો
શીર્ષકઃ-"સંકલ્પ - નૂતન વર્ષનો"
રચનાઃ- પદ્ય શબ્દોઃ-૭૫

નવા વર્ષે મન સાફ કરવાનો સંકલ્પ લીધો છે,
મેલ સૌ કાઢી પ્રેમ ભરવાનો સંકલ્પ લીધો છે.

અહંમાં આવીને કદાચ દુભાવ્યા હોય મેં કદી,
હૃદયથી માફી માગી લઈશ સંકલ્પ લીધો છે.

અજાણતાં તિરાડો પડી ગઈ આપણી વચ્ચે,
એ તિરાડો હેતથી પૂરવાનો સંકલ્પ લીધો છે.

ના જીતની જીદો, ન કોઈ પ્રપંચો, ના પ્રભાવો,
સરળ, નિખાલસ રહેવાનો સંકલ્પ લીધો છે.

ભૂલો ભલે મારી, સંબંધો સૌ સાચવવા હવે,
સર્વે સુખી થાય, ચાહવાનો સંકલ્પ લીધો છે.

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'(અમેરિકા)
★★★★★★
ર્દ્રય જીજી ર્દ્રઃ૪૧૪
વિષયઃ- પ્રકાશનું પર્વ- સંસ્કૃતિનો અમૂલ્ય વારસો
શીર્ષકઃ- શ્રદ્ધા અને સંસ્કૃતિ
રચનાઃ- પદ્ય શબ્દોઃ-૫૫

શ્રદ્ધા અને સંસ્કારની પથરાયી છે રોશની,
શોભી રહી આજ સંસ્કૃતિ ભારતવર્ષની.
ઝળકી રહ્યું છે આંગણું પ્રકાશ પર્વનું,
જાણે ચૌરે ને ચૌટે પથરાયી છે ચાંદની.

ઝળહળે છે કોડિયું ઘરે ઘરે ગોખમાં,
ટોડલે પુરી છે રંગોળી સાતેય રંગની.
ઝાકમઝોળ છે, ઠેર ઠેર છે જાહોજલાલી,
અર્પણની ભાવના ને લાગણી સમર્પણની.
પ્રગટે છે દીપ દીપાવલી પર્વના રાતભર,
ઉજવાય છે ચારેકોર અહીં જીત રામની.
-અનિલ શ્રીમાળી દહેગામ
★★★★★★★
ર્દ્રયજીજી ર્દ્રઃ ૧૬૧
વિષય : પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો
શીર્ષક : પ્રકાશિત પર્વ
પ્રકાર : અછાંદસ કાવ્ય શબ્દો : ૮૦

શ્રધ્ધાના આ દીવડાંને સઘળે જલતો રાખીયે રે
સંસ્કૃતિના આ વારસાને ચાલને વહેતો કરીયે રે

હૈયે હરખનાં તોરણ બાંધી ઉમંગે ઉછળીએ રે
મનના ખૂણે કારણ પૂછવા ચાલ હવે તો મળીએ રે

અંધકારે ઉજાસમાં પણ દીપ બની ઝળહળીએ રે
અમાસે સૌ તારલિયા બની ટીમટીમાતા રહીયે રે

પ્રકાશિત આ પર્વથી ધરાને ઝગમગ કરીએ રે,
સાથિયામાં રંગો છાંટી ગમતાંનો ગુલાલ કરીએ રે

ધરતી પર જાણે રેલાય ચાંદની, મીઠી સોડમ પ્રસરે રે
થાળ ભરી શગ મોતીડે વધામણા સૌ કરીએ રે...

ગ્રીષ્મા પંડ્યા (અમદાવાદ)
★★★★"★★
ર્દ્રય જીજીર્દ્રઃ૧૫૩
વિષયઃ"દિવાળી-પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો"
શીર્ષકઃદિવાળીઃ"બધાંને ખુશ કરવાની આ મૌસમ છે "
પ્રકારઃઅપદ્યાગદ્ય શબ્દોઃ૧૪૧.
દિવાળી માં દિપ જલાવી પ્રકાશનું પર્વ ઉજવવાંની આ મૌસમ છે,
સાત પેઢીની સંસ્કૃતિનો વારસો જાળવવાંની આ મૌસમ છે.
બોણી આપીને કુટુંબ નાં સભ્યો ને ખુશ કરવાં ની આ મૌસમ છે,
બોનસ આપી ને સ્ટાફ ને ખુશ કરવાં ની આ મૌસમ છે,
ગીફ્ટ આપી ને સંબંધીઓ ને ખુશ કરવાં ની આ મૌસમ છે,
પત્ની નાં કહ્યા પ્રમાણે બોણી,બોનસ અને ગીફ્ટ આપી પત્ની ને
ખુશ કરવા ની આ મૌસમ છે, હિલસ્ટેશન
પર લઈ જઈ પત્ની ને ડબલ ખુશ કરવાં ની આ મૌસમ છે,
જાત્રાએ લઈ જઈ ને માતા-પિતા ને ખુશ કરવાં ની આ મૌસમ
છે,
બધાં ને તું ખુશ કરીશ,પણ તને કોણ ખુશ કરશે તે તો કહે?
બધાં ખુશ થાય તો હું તો ઓટોમેટીક ખુશ રહેવાનો જ છુ.
જીતેન્દ્ર શાહ"સુકાન્ત" (અમદાવાદ)
★★★★★★★
ર્દ્રય જીજી ર્દ્ર ૩૮૭
વિષયઃ પ્રકાશનું પર્વ અને સંસ્કૃતિનો વારસો
શીર્ષકઃ"માટીના કોડિયાં થી આતમદીપની ઝળહળતી યાત્રા"
પ્રકારઃ ગદ્ય, શબ્દોઃ૩૩૦

શુભં કરોતુ કલ્યાણં
આરોગ્ય, ધન સંપદઃ
મિત્ર, બુદ્ધિ વિકાસાર્થે
દીપ જ્યોતિ નમો સ્તુતે.

દીપ જ્યોતિઃ પરબ્રહ્મ
દીપ જ્યોતિ જનાર્દનઃ
દીપો હરતુ મે પાપં
દીપ જ્યોતિ નમો સ્તુતે.
આપણી હિન્દુ સંસ્કૃતિના આ શ્લોકમાં જ કેટલી ઉત્કૃષ્ટ સમજ વાળી વાત કહી છે.મને તો કુંભારે બનાવેલુ માટીનું કોડિયું જ ગમે છે/પ્રગટાવુ છુ.તેના તેજની કંઈક અલગ જ સુંદર અનૂભૂતિ થાય છે.સીરીઝનો ઝગમગાટ તો કૃત્રિમ છે.તેજોમય તો કોડિયાંના દીપકનું અજવાળું છે/પ્રકાશ છે.તેની આભા,તાકાત તો ભીતરી અંધકાર ને પણ દૂર કરવાની છે.

મારી આસપાસ -કે જેનાથી હું પરિચિત છું.તેવા અસંખ્ય દીવા ટમટમે છે.તેમા મારાથી બનતું જરુરી તેલ પૂરી તેને ઉજાગર કરવામાં મને ખૂબ આનંદ આવે છે.
કારણકે...
"કોડિયું નાનું ભલે ને હું,
સદાયે રહું છું ઝગમગતું!
સૂરજ પાસેથી શીખ સૌને મળે છે;
પથેદર્શક બનનારે બળવું પડે છે!
સાક્ષાત્ સંદેશો સૂરજનો છું!"કોડિયું...

દિવાળી -આ એક જ અમાસની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવે છે.
આપણે આપણી ધરોહરને જાળવી રાખવા સભાન રહીને, કૃત્રિમતાથી(સીરીઝો) અંતર રાખીએ તો તે આપણા હિતમાં જ છે .
વાકબારસ-સમયસર વાણીના સંયમનો સંદેશ આપે છે.તો વળી ધનતેરસ લક્ષ્મીને "મહાલક્ષ્મી" કેવીરીતે બનાવી તેનું પૂજન કરવાનું સમજાવે છે કે નીતિ થી ?. કમાઓ અને જીવાઈ જેટલું બચાવી સત્કાર્યો માટે ઉદાર હાથે વાપરો.તો "લક્ષ્મી સાથ નહીં છોડે."
સાથે સાથે કાળીચૌદસ એટલે કે નરકાસુરના ત્રાસમાંથી સોળ હજાર કન્યાઓને શ્રી કૃષ્ણે મુક્ત કરી જીવંત જીવન આપી આપણને "સંજીવની" જેવો સંદેશો આપ્યો છે.
આ એકજ અમાસે અદભૂત શીખ-"અંતરના અંધારા ઉલેચી અજવાળાં કરું."એટલેકે આપણા સૌની પ્રિય દિવાળી! દિપોત્સવી!માત્ર આર્થિક ક જ નહીં પણ "જીન્દગીના ચોપડાનું આભાર - નિહારીકા રવિયા સરવૈયું કાઢવાનો દિવસ પણ કહી શકાય".નવુ વર્ષ જેને સત્કારવા આપણે આતુરતાથી રાહ જોઈએ છીએ કે નવું વર્ષ લાભદાયી,સુખ અને સમૃદ્ધિ અને આનંદથી હર્યુંભર્યું રહે તેવાં પ્રયત્નોમાં અમે રહીએ તેવી પ્રભુને પ્રાર્થના કરી સાર્વત્રિક આનંદ આનંદ છવાઈ જાય છે.
આ શુભ દિવસોમાં,ઘરની મસ્ત સજાવટ,મિઠાઈ,ભેટ, રંગોળી,વડીલોના આશીર્વાદનો પણ ખૂબ મહિમા રહેલો છે.
આપણે આપણી ધરોહરને જાળવી રાખવા માટે સજાગ અને સભાન રહીશું.
સૌનો નવા વર્ષનાં અભિનંદન અને શુભકામનાઓ પાઠવું છું.સૌનો આતમ દીપ ઝળહળતો રહે તેવી મંગલ કામનાઓ કરું છું.
પુનિતા બેન -અમદાવાદ.

# મિત્રોનો નશો પણ દારૂ જેવો- ભીડમાં હજાર,અડધી રાતે એક જ ગાંધીના ગુજરાતમાં દારૂ,દોસ્તી અને ધર્મનો અરીસા

ગુજરાતમાં બે સમાચાર સાથે આવે છે.એક બાજુ ભાવનગરનો લઠ્ઠાકાંડ ગરીબો ઝેરી દારૂ પીને મરી જાય છે. અને બીજી બાજુ રાજકોટના ડેકોરા-વરમોરા જેવા હાઈપ્રોફાઈલ ગ્રુપની એડવાન્સ બર્થડે પાર્ટી પર દરોડો -ત્યાં મોંઘી બોટલોના ઢગલા. એક જ અઠવાડિયામાં આ બે ઘટનાએ ગુજરાતની દારૂબંધીના ધજાગરા ઉડાડી દીધા.

કોણ કોને કહે તારું મોઢું ગંધાય છે? અહીં તો બધા ક્યાંક ને ક્યાંક કંઈક પીધેલા જ છે. કોઈ દારૂ પીધેલો, કોઈ સત્તા પીધેલો, કોઈ પૈસા પીધેલો અને કોઈ અહંકાર પીધેલો. જ્યાં પત્રકાર પણ ધ્રુજી જાય, ત્યાં લોકશાહી લોકોની ક્યાં રહી? તે તો ધનાઢ્યોની હવેલી બની ગઈ.

દિવાળી અને નવા વર્ષ પહેલા ગાંધીના ગુજરાતમાં આપણે ફરી એકવાર પૂછવું પડે - દારૂબંધી ખરેખર છે ક્યાં? બોટલમાં કે બુદ્ધિમાં? અને આ જ પ્રશ્ન આપણને એક જૂની વાર્તા પાસે લઈ જાય છે - એક પિતા અને પુત્ર અને અડધી રાતે ખખડતા દરવાજા ની વાર્તા.એક પુત્રને ઘણા મિત્રો હતા. તેનો મોબાઈલ ભરેલો હતો, ઈન્સ્ટાગ્રામ પર ફોલોઅર્સ હતા, બર્થડે પાર્ટીમાં ભીડ હતી. તેને ગર્વ હતો - હું લોકપ્રિય છું.

આજના ગુજરાતના હાઈપ્રોફાઈલ પાર્ટી જેવું જ છે. ત્યાં પણ ભીડ છે, સંગીત છે, લાઈટો છે, બધા હાથમાં ગ્લાસ લઈને કહે છે - અમે દોસ્તો છીએ. પણ આ દોસ્તી કયા પ્રકારની? આ એ જ દોસ્તી છે જે દારૂની જેમ નશો ચડાવે છે. જ્યાં સુધી બોટલ છે ત્યાં સુધી દોસ્તી છે. જ્યાં સુધી પૈસો છે ત્યાં સુધી તાળીઓ છે.

પિતાને માત્ર એક જ મિત્ર હતો. જમાનો તેને પૂછતો હશે - તારો તો કોઈ નથી. પણ પિતા હસતા. કારણ કે તેને ખબર હતી - ભીડ એ સમાજ નથી, અને લાઈક એ પ્રેમ નથી.

આધ્યાત્મ કહે છે -જીવનમાં સૌથી મોટો નશો સંગ્રહનો નશો છે. મિત્રોનો સંગ્રહ, પૈસાનો સંગ્રહ, વસ્તુઓનો સંગ્રહ. આપણે બધું ભેગું કરીએ છીએ, પણ એક પણ વસ્તુને ઊંડાણથી પામતા નથી. જેમ દારૂની મહેફિલમાં બધા પીએ છે પણ કોઈ તરસ છિપાતી નથી, તેમ આ ભીડની મહેફિલમાં બધા સાથે છે પણ કોઈ એકલતા મટતી નથી.

રાત્રે ૨ વાગ્યે પિતાએ પુત્રના સૌથી ખાસ મિત્રનો દરવાજો ખખડાવડાવ્યો. અંદરથી અવાજ આવ્યો - ×મા, કહી દે હું ઘરે નથી.× આ વાક્ય માત્ર એક મિત્રનું નથી, આખા યુગનું સત્ય છે.જ્યારે તકલીફના ૨ વાગે છે, ત્યારે મોટા ભાગના દરવાજા બંધ થઈ જાય છે. અને આપણે ફોનમાં ૫૦૦૦ મિત્રો હોવા છતાં ઘરે પાછા ફરીએ છીએ - ખાલી હાથે, ભારે હૃદયે.

આ જ ભાવનગરના લઠ્ઠાકાંડનું સત્ય છે. જે ગરીબ માણસ મર્યો, તેના માટે રાત્રે ૨ વાગ્યે કોઈ દરવાજો ખૂલ્યો હતો ખરો? સિસ્ટમનો દરવાજો તો દિવસે પણ બંધ હતો. અને રાજકોટની પાર્ટીમાં જે દરવાજા ખૂલ્યા હતા, તે પ્રેમથી નહીં, પૈસાથી ખૂલ્યા હતા.પછી પિતા પોતાના મિત્રના ઘરે ગયા. સાદ પાડ્યો. અંદરથી જવાબ આવ્યો - ×જરા થોભો, મારા મિત્ર! હું બે મિનિટમાં દરવાજો ખોલું છું.×

બે મિનિટ.આ બે મિનિટમાં જ જીવનનો ફરક છે. એક મિત્ર બહાનું બનાવવા માટે બેમિનિટ લે છે, બીજો તૈયાર થવા માટે બે મિનિટ લે છે.

દરવાજો ખૂલ્યો તો દૃશ્ય અલૌકિક હતું. એક હાથમાં પૈસાની થેલી, બીજા હાથમાં તલવાર. પિતાએ પૂછ્યું - આ શું? મિત્રએ કહ્યું - જો મારો મિત્ર રાત્રે ૨ વાગ્યે દરવાજો ખખડાવે, તો તે મુસીબતમાં જ હશે. મુસીબત બે જ પ્રકારની હોય - કાં તો પૈસાની, કાં તો કોઈ સાથે ઝઘડાની. જો પૈસાની જરૂર હોય તો આ થેલી, જો ઝઘડો થયો હોય તો આ તલવાર, હું તારી સાથે છું.

ગીતામાં કૃષ્ણ અર્જુનને કહે છે - હું તારો સારથી છું. ગુરુ નાનક કહે છે -સાચો મિત્ર તે જે દુઃખમાં ભાગીદાર બને. કબીર કહે છે - સુખમાં તો બધા આવે, દુઃખમાં આવે તે સાચો.

સાચો મિત્ર તમને સલાહ નથી આપતો, તે તમારી સાથે ઊભો રહે છે. તે પૂછતો નથી - શું થયું? તે કહે છે - હું છું ને. એક હાથમાં થેલી એટલે - તારી ભૌતિક જરૂરિયાત હું સમજું છું. બીજા હાથમાં તલવાર એટલે - તારા સ્વાભિમાનની લડાઈ મારી પોતાની છે.

આજના સમાજને આવા મિત્રની જરૂર છે. દારૂબંધી કાયદાથી નહીં થાય, સાચા માણસોથી થશે. જે માણસ રાત્રે ૨ વાગ્યે બીજા માટે તલવાર લઈને ઊભો રહી શકે, તે ક્યારેય ઝેરી દારૂ વેચી શકે નહીં. જે માણસ મિત્ર માટે પૈસાની થેલી લઈને આવે, તે ક્યારેય ગરીબનું શોષણ કરીને પાર્ટી ન કરી શકે.

ગાંધીજીએ દારૂબંધીની વાત બોટલ માટે નહોતી કરી, માણસની બુદ્ધિ માટે કરી હતી. તેમણે કહ્યું હતું - દારૂ માણસની વિવેકબુદ્ધિ હરી લે છે.

આજે ગુજરાતમાં દારૂ બે સ્વરૂપે વેચાય છે. એક સસ્તો, ઝેરી લઠ્ઠો જે ગરીબને મારે છે. બીજો મોંઘો, બ્રાન્ડેડ સ્કોચ જે અમીરને નચાવે છે. બંનેમાં તફાવત માત્ર કિંમતનો છે, પરિણામ એક જ છે - ભાન ભૂલવું.

આપણે બોટલ બંધ કરવાની વાત કરીએ છીએ, પણ અંદરનો નશો કોણ બંધ કરશે? સત્તાનો નશો, જાતિનો નશો, ધર્મનો નશો, હું કંઈક છું એવો અહંકારનો નશો.

સાચી દારૂબંધી એટલે - જાગૃતિ. પોતાની ભીતરના દરવાજા ખોલવા. જ્યારે પિતાનો મિત્ર દરવાજો ખોલે છે, ત્યારે તે માત્ર લાકડાનો દરવાજો નથી ખોલતો, તે પોતાના હૃદયનો દરવાજો ખોલે છે. અને ત્યાં જ દારૂબંધી શરૂ થાય છે - જ્યાં માણસ બીજા માણસના દુઃખને પોતાનું દુઃખ સમજે છે.

લોકશાહી લોકોની નહીં, ધનાઢ્યોની છે - આ વાક્ય દુઃખદ છે પણ સત્ય છે. જ્યારે ન્યાય પૈસાથી ખરીદાતો હોય, જ્યારે પાર્ટીઓ પોલીસથી છુપાવી શકાતી હોય, ત્યારે સામાન્ય માણસને લાગે છે કે કોઈ દરવાજો ખૂલતો નથી. પણ આ વાર્તા કહે છે - એક દરવાજો હંમેશા ખૂલે છે, જો તમે સાચો મિત્ર બન્યા હો ત તલવાર અને થેલી વચ્ચેની મૈત્રી

પિતાની આંખો ભરાઈ આવી. તેમણે કહ્યું - મારે કશાની જરૂર નથી, હું તો મારા પુત્રને મિત્રતાનો અર્થ સમજાવતો હતો.

આજે આપણા દરેક પિતાએ પોતાના પુત્રને આ વાર્તા કહેવાની જરૂર છે. બેટા, ફોલોઅર્સ ભેગા ન કર, એક મિત્ર એવો બનાવ કે જેના ઘરનો દરવાજો રાત્રે ૨ વાગ્યે પણ તારા માટે ખૂલે. અને તું પણ એવો મિત્ર બન કે તારા ઘરે કોઈ ૨ વાગ્યે આવે તો તું એક હાથમાં થેલી અને બીજા હાથમાં તલવાર લઈને ઊભો રહી શકે.થેલી એટલે કરુણા - હું તારું દુઃખ વહેંચી લઈશ.તલવાર એટલે હિંમત -હું તારા માટે લડીશ.

જે સમાજમાં આવા મિત્રો હશે, ત્યાં લઠ્ઠાકાંડ નહીં થાય, ત્યાં હાઈપ્રોફાઈલ પાર્ટીઓમાં ગરીબોના પૈસાનો દારૂ નહીં ઉડે.

દિવાળી આવી રહી છે. નવું વર્ષ આવી રહ્યું છે. ચાલો, આપણે બહારના દારૂને બંધ કરવાની સાથે અંદરના દારૂને પણ બંધ કરીએ - અહંકારનો, લોભનો, બેદરકારીનો.

અને એક સંકલ્પ કરીએ - આપણે પણ કોઈના જીવનમાં એવો મિત્ર બનીએ, જેના દરવાજા પર રાત્રે ૨ વાગ્યે ટકોરા પડે તો અંદરથી અવાજ આવે -×જરા થોભો,મારા મિત્ર! હું બે મિનિટમાં દરવાજો ખોલું છું.×એ બે મિનિટમાં જ ગુજરાત ફરી ગાંધીનું ગુજરાત બની જશે.

★યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા ★

# વિવાંતા એસ.જી. હાઈવે ખાતે "કહીં ગુમ ન હો જાયે – સીઝન ૯"ની ગુજરાત રાજ્ય સ્તરીય ફિનાલેનું સફળ સમાપન



અમદાવાદ, ૩૧ ઓક્ટોબર ૨૦૨૬: ભારતની પરંપરાગત અને લુપ્ત થતી જતી વાનગીઓ તથા રસોઈની પરંપરાઓને જાળવવાના ઉદ્દેશથી આયોજિત રાષ્ટ્રીય રસોઈ સ્પર્ધા "કહી ગુમ ન હો જાયે – સીઝન ૯"ની ગુજરાત રાજ્ય સ્તરીય ફિનાલેનું અમદાવાદ સ્થિત વિવાંતા એસ.જી. હાઈવે ખાતે ઉત્સાહભેર સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગુજરાતનાં ૧૨ શહેરોમાંથી કુલ ૬૧ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સુશ્રી પૂજા કુલદીપ મહેતાને ગુજરાત રાજ્ય વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં, જ્યારે સુશ્રી હેતલ ત્રિવેદીએ પ્રથમ રનર-અપનું સ્થાન મેળવ્યું હતું.

આ પ્રસંગે શ્રી દિલીપ ઠક્કરજી (કો-ચેપ્ટર હેડ, દ્વઈછેં અમદાવાદ) તથા શ્રી અનિલ મૂળચંદાનીજી (ફૂડ રાઇટર અને બ્લોગર) મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.આ રાષ્ટ્રીય સ્પર્ધાનું આયોજન નોંધાયેલ બિનસરકારી સંસ્થા ની'જ ચૈટ્ટી મ્હ્ઠા દ્વારા કરવામાં આવે છે. આ સંસ્થાની સ્થાપના સ્વર્ગસ્થ સુશ્રી બબીતા સક્સેનાજી દ્વારા વર્ષ ૨૦૧૬માં કરવામાં આવી હતી. તેમના અવસાન બાદ પણ સહ-સ્થાપક કર્નલ અતુલ સક્સેનાના માર્ગદર્શન હેઠળ આ અભિયાન સતત આગળ વધી રહ્યું છે.

આ સીઝનની થીમ "સ્અ જ્ઞંટ્ઠીહ સ્અઁ ઙ્ઘટ્ઠી" છે, જેનો હેતુ ભારતની વિવિધ પ્રાદેશિક વાનગીઓ અને પરંપરાગત રસોઈકળાને જાળવી રાખી નવી પેઢી સુધી પહોંચાડવાનો છે. આ પહેલને પદ્મશ્રીથી સન્માનિત જાણીતા સેલિબ્રિટી શેફ સંજીવ કપૂર, રણવીર બ્રાર, વિકાસ ખન્ના તેમજ જાણીતી બોલિવૂડ અભિનેત્રી સુચિત્રા પિલ્લઈનો સહયોગ અને સમર્થન પ્રાપ્ત છે.આ સ્પર્ધાનું આયોજન ભારતનાં ૨૦થી વધુ સ્થળો ઉપરાંત કેનેડા, ન્યૂઝીલેન્ડ અને અમેરિકામાં પણ કરવામાં આવી રહ્યું છે. ગુજરાતના ટોચના બે વિજેતાઓ દ્વઝઈ ખાતે યોજાનારી રાષ્ટ્રીય ગ્રાન્ડ ફિનાલેમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. રાષ્ટ્રીય સ્તરે પ્રથમ ત્રણ વિજેતાઓ માટે કુલ ?૧,૫૦,૦૦૦ની ઇનામ રકમ નિર્ધારિત કરવામાં આવી છે.મહેમાનો અને સહયોગીઓ પ્રત્યે આભાર

આયોજકોએ વિવાંતા એસ.જી. હાઈવેની સમગ્ર ટીમનો કાર્યક્રમના સફળ આયોજન, ઉત્તમ આતિથ્ય અને સહયોગ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

સાથે જ ૅઊૅસ્ના પ્રિન્સિપાલ શ્રી કલ્યાણ મુખર્જી સરનો વિશેષ આભાર માનવામાં આવ્યો હતો. તેમની ગરિમામય ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભા વધારી હતી. તેમણે તમામ વિજેતાઓને પોતાના હસ્તે ટ્રોફી એનાયત કરી સન્માનિત કર્યા હતા તથા પ્રેરણાદાયી સંબોધન દ્વારા સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો.જ્યુરી સભ્યો શેફ ચંદન, શેફ હિના ગૌતમ અને શેફ પ્રવીણ ઝાના નિષ્પક્ષ મૂલ્યાંકન અને અમૂલ્ય યોગદાન બદલ પણ આયોજકોએ વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.ગુજરાત આયોજન ટીમ અને સહયોગીઓ ગુજરાત રાજ્ય સ્તરીય આયોજનનું નેતૃત્વ રાજ્ય સંયોજક સુશ્રી અપારા નિગમ દ્વારા કરવામાં આવ્યું હતું. સહ-સંયોજકો સુશ્રી સુભદ્રા પટેલ, સુશ્રી અંજુ શ્રીવાસ્તવ અને સુશ્રી કવિતા વચરા જાનીએ આયોજનને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.આયોજકોએ ગિફ્ટિંગ પાર્ટનર્સ કરામત, ફોર્ચ્યુન, મોલ્ડ બેરી, મુરમુર અને પિંક એન્ડ બ્લૂ તેમજ મીડિયા પાર્ટનર જન ફરિયાદનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

આંચલ એવોર્ડ – મહિલાઓની સિદ્ધિઓને સન્માન

કાર્યક્રમનું એક વિશેષ આકર્ષણ 'આંચલ એવોર્ડ' રહ્યું હતું, જેની પરિકલ્પના ગુજરાત રાજ્ય સંયોજક સુશ્રી અપારા નિગમ દ્વારા કરવામાં આવી હતી★"દરેક આંચલમાં એક કહાની, દરેક કહાનીમાં એક જીત"★ની ભાવના પર આધારિત આ પહેલ અંતર્ગત પોતપોતાના કાર્યક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર ચાર વિશિષ્ટ મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.આ એવોર્ડનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓના સંઘર્ષ, સમર્પણ, પ્રતિભા અને સફળતાની વણકહેલી કહાનીઓને ઓળખ આપવાનો તથા તેમની પ્રેરણાદાયી સફર દ્વારા અન્ય મહિલાઓને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

આ પહેલ મહિલા સશક્તિકરણ, સન્માન, આત્મવિશ્વાસ અને મહિલાઓની સિદ્ધિઓને બિરદાવવાની ભાવનાને સમર્પિત છે.



ભૂદેવ સેવા સમિતિ સંસ્થા દ્વારા સતત ૧૪ માં વર્ષે નવા વર્ષ ૨૦૨૬/૨૦૭૭ ના કેલેન્ડરે લોન્ચ કરવામાં આવ્યા જેમાં માંડવી ના લોકપ્રિય ધારાસભ્ય અને પ્રદેશ ભાજપ મહામન્ત્રી શ્રી અનિરુધ્ધ ભાઈ દવે,પ્રદેશ ભાજપ અગ્રણી શ્રી નીતિનભાઈ ભારદ્વાજ રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી માધવભાઈ દવે સૌરાષ્ટ્ર કચ્છ ના નામાંકિત ન્યુરોસર્જન ડો હેમાંગભાઈ વસાવડા શ્રીમાળી ટ્રસ્ટ ના ટ્રસ્ટી શ્રી હરીશભાઈ ત્રિવેદી કમલેશભાઈ ત્રિવેદી,હડિયાણા ચોવીશ બ્રહ્મસમાજ ના વિકીભાઈ ઠાકર હળવદ બ્રહ્મસમાજ ના દિલીપભાઈ જાની પરશુ બ્રહ્મ યુવા ગ્રુપ ના યુવા એડવોકેટ મોનિશ ભાઈ જોશી શ્રીગોળ બ્રહ્મસમાજ ના રાજાભાઈ ભટ્ટ ભૂદેવ સેવા ટ્રસ્ટી ના ટ્રસ્ટી અર્જુનભાઈ શુક્લ અને કૌશલભાઈ ભટ્ટ કામધેનુ ગૌ શાળા ના ટ્રસ્ટી વિશાલભાઈ આહ્યા ભૂદેવ ફાર્મા ગ્રુપ ના જીતેન ભાઈ શુક્લ અને ધ્રુવ ભાઈ શુક્લ ઉપસ્થિત રહ્યા હતા

# બોટાદ નગરપાલિકાના શોપ ઈન્સ્પેક્ટર રાજુભાઈ ડેરૈયાનું કચ્છ અંજાર ખાતે સન્માન




બોટાદ નગરપાલિકામાં શોપ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા સાથે સમાજના વિવિધ ક્ષેત્રોમાં સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા લોકહિત માં યોગદાન આપતા શ્રી રાજુભાઈ ડેરૈયા નું કચ્છ અંજાર ખાતે વર્લ્ડ ડેપ્યુટી ચેરમેન નૂરુદિન સાહેબ સેવ વાલાની ઉપસ્થિતિમાં સેવાકીય પ્રવૃત્તિ માં રાજ્ય કક્ષા એ જાયન્ટ્સ ગ્રુપમાં બેસ્ટ મેમ્બર તરીકે તથા મીડિયા ઓફિસરની બેસ્ટ કામગીરી બદલ એવોર્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા જેવો બોટાદ ખાતે નગરપાલિકામાં શોપ ઈન્સ્પેક્ટર તરીકેની ફરજ બજાવે છે સાથોસાથ જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદની સંસ્થામાં મીડિયા ઓફિસર નો હોદો ધરાવે છે તેમજ ભારતીય મજદૂર સંઘ બોટાદ જિલ્લા અધ્યક્ષ તરીકેની સેવા આપી રહ્યા છે તેમજ સંસ્કાર ભારતી સંસ્થામાં દ્રશ્યકલા સંયોજક તરીકેની સેવા આપે છે તેમજ બોટાદ ગ્રામ્ય રેડ ક્રોસ સોસાયટીમાં વાઇસ ચેરમેન તરીકેની સેવા પણ આપી રહ્યા છે પોતાની સરકારી ફરજને માત્ર જવાબદારી અને માનવ સેવાની ભાવનાઓને પ્રાધાન્ય આપી વિવિધ સેવાકીય કાર્યોમાં સક્રિય યોગદાન આપી રહ્યા છે તેમજ નિષ્ઠા સેવાભાવ સરળ સ્વભાવ જન સંપર્ક અને સમાજહિત માટેની સતત કાર્યશીલતા ને બિરદાવતા આ સન્માન કરવામાં આવ્યું છે બોટાદ જાયન્ટ ગ્રુપના પ્રમુખ ડોક્ટર પ્રશાંત સાહેબ કળથીયાએ જણાવ્યું કે સમાજમાં નિસ્વાર્થ ભાવનાની સેવા આપતા વ્યક્તિઓનો સન્માન કરવાથી સેવાકીય પ્રવૃતિઓને પ્રોત્સાહન મળે છે





"સહકારથી સમૃદ્ધિ " પ્રાપ્ત કરવા ૧૨૭૫૫ Micro ATM, ૧૩૫૦ ATM અને ૧૪૦૦ બ્રાંચો ના માધ્યમથી તમામ ગ્રામ પંચાયતમાં સહકારી બેંકીંગ ટચ પોઈન્ટ ઊભા કર્યા, ૩૪ લાખ નવા એકાઉન્ટ ખુલ્યા, ૧૮.૩૩ લાખ KCC કાર્ડ અને માસિક ૫.૨૫ કરોડ ડિજિટલ ટ્રાન્ઝેક્શન મારફત રૂ. ૨૧૭૬૩ કરોડ ડિપોઝિટ માં વધારો કર્યો, સરલ કેશ ક્રેડિટ યોજના અમલમાં મુકાઇ, ટેબલેટ થી ઘરેબેઠા બેંકિંગ સેવાઓ પૂરી પાડી.

- આ બેંક રાજ્યની ૧૮ જીલ્લા બેંકો, ૨૦૭ અર્બન બેંકો તેઓની ૨૬૪૭ શાખાઓ, ૨૧૩૯૩ કર્મચારીઓ અને ૧૦૬૦૦ સેવા સહકારી મંડળીઓ મારફત રાજ્યના ૨૮ લાખ ખેડૂતોને પુનઃધિરાણ તથા ૨.૧૯ કરોડ ગ્રાહકોને બેંકીંગ સેવાઓ પૂરી પાડતી શિડયુલ્ડ એપેક્ષ બેંક.
- ૨૦ લાખ સાયબર સાથી બુકલેટ મારફતે સાયબર ફ્રોડ અટકાવવાના પ્રયત્નો.
- સહકારી બેંકોના કર્મચારીઓ માટે સહકાર રમતોત્સવનું આયોજન.
- ઓનલાઇન અને ઓફલાઇન ટ્રેનિંગ મારફત કર્મચારીઓને અપગ્રેડ કરાયા.
- ખેડૂતો, જિલ્લા બેંકો, અર્બન બેંકોને સાથે રાખી કોર્પોરેટ કલ્ચર અપનાવાયું.
- આ બેંક રાજ્યની ૧૭૦ જેટલી જીલ્લા / અર્બન બેંકોને ટેકનોલોજી અમ્બ્રેલા હેઠળ સબ મેમ્બરશીપ આપીને અંદાજે ૨.૧૯ કરોડ થી વધુ ગ્રાહકોને UPI QR Code, BBPS, AePS, RTGS/NEFT, CTS, ATM, POS/E-COM, UPI, IMPS, NACH, CSGL, ઈન્સ્યુરન્સ તથા અન્ય સર્વિસ વિના મૂલ્યે આપી રહી છે.
- "A A A" ક્લાસ કરન્સી ચેસ્ટ, જાપાનની રોબોટીક ટેકનોલોજી સભર "AutoVault", ફાર્મર્સ હોસ્ટેલ, ૫૦૦ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતું ઓડીટોરીયમ, તાલીમ માટે એકતાનગર ખાતે સરદાર પટેલ "સહકાર ભવન" તથા ૩૩ બ્રાંચોનું નેટવર્ક ધરાવતી બેંક.

છેલ્લા ઘણા વર્ષોથી વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેવી કે નાબાર્ડ, એન.પી.સી.આઈ, નાફ્સ્કોબ તરફથી સતત એવોર્ડ મેળવતી બેંક.

(રૂ. કરોડ માં)

| વિગત | ૨૦૦૮-૦૯ | ૨૦૧૪-૧૫ | ૨૦૨૩-૨૪ | ૨૦૨૪-૨૫ | ૨૦૨૫-૨૬ |
|---|---|---|---|---|---|
| ટોટલ બિઝનેસ | ૪૯૯૬.૫૩ | ૧૨૨૯૦.૮૭ | ૨૧૩૩૭.૭૦ | ૨૩૦૩૧.૨૯ | ૨૫૩૦૯.૬૯ |
| થાપણો | ૩૨૦૯.૯૫ | ૭૩૬૮.૮૮ | ૧૨૦૧૨.૨૧ | ૧૩૬૦૬.૫૬ | ૧૫૫૯૫.૪૫ |
| એડવાન્સીસ | ૧૭૮૬.૫૮ | ૫૯૨૧.૬૯ | ૯૩૨૫.૪૯ | ૯૪૨૪.૭૩ | ૯૭૧૪.૨૪ |
| કુલ ભંડોળ | ૩૪૬.૩૯ | ૬૧૨.૬૪ | ૧૨૦૧.૯૭ | ૧૨૮૫.૫૨ | ૧૩૪૮.૧૪ |
| ગ્રોસ એન.પી.એ (%) | ૧૭.૯૩ | ૨.૨૦ | ૦.૬૮ | ૦.૩૪ | ૦.૨૭ |
| નેટ એન.પી.એ. (%) | ૯.૨૯ | ૦.૧૫ | 0.00 | 0.00 | 0.00 |

અમદાવાદ | ગાંધીનગર | બોટાદ જિલ્લાના કાર્યક્ષેત્રના તમામ ગામોના લોકોને નજીકના સ્થળેથી **બેંકિંગ સેવાઓ મળી રહે તે માટે ૧૨૨૯ માઇક્રો એ.ટી.એમ., , ૧૫૦ ઓનસાઈટ / ઓફસાઈટ એ.ટી.એમ. અને ૨૦૮ બ્રાંચો સાથે દરેક ગ્રામપંચાયતને બેંકિંગ ટચ પોઈન્ટ દ્વારા બેંક બ્રાન્ચ જેવી સેવાઓ પૂરી પાડતી બેંક**

ટેકનોલોજી ક્ષેત્રે આધુનિક બેન્કિંગ પધ્ધતિઓનો અમલ કરી સહકારના મૂલ્યો જાળવી રાખી **'કો ઓપરેટીવ થી કોર્પોરેટ'** તરફની સફરને સફળતા પૂર્વક સાકાર કરતી બેંક

બેંક તરફથી ધિરાણ લેતા **ખેડૂતોનો રૂા.૧૦ લાખનો અકસ્માત વિમો** તથા **પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના** અંતર્ગત વધારાનું **રૂા.૨ લાખ** મળી કુલ **રૂા.૧૨ લાખનું અકસ્માત વિમા** રક્ષણ આપવામાં આવે છે.

**સહકાર થી સમૃધ્ધિ**

બેંકના પૂર્વ ચેરમેન તથા હાલના કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી માનનીય **શ્રી અમિતભાઈ શાહ સાહેબે** સતત ખોટ કરતી આ બેંકને માત્ર ૧ વર્ષના ટૂંકાગાળામાં નફો કરતી કર્યા બાદ તેમના અનુગામી વર્તમાન ચેરમેન **શ્રી અજયભાઈ પટેલ**ના નેતૃત્વ હેઠળ સતત વિકાસ કરતી બેંકની સને ૨૦૨૫-૨૬માં થયેલ પ્રગતિની ઝલક...

**બેંકની આર્થિક સધ્ધરતાની આંકડાકીય માહિતી**

(રકમ રૂા.કરોડમાં)

| વિગત | ૩૧/૦૩/૨૦૦૦ | ૩૧/૦૩/૨૦૦૩ | ૩૧/૦૩/૨૦૧૫ | ૩૧/૦૩/૨૦૨૪ | ૩૧/૦૩/૨૦૨૫ | ૩૧/૦૩/૨૦૨૬ |
|---|---|---|---|---|---|---|
| ટોટલ બિઝનેસ | ૧૭૯૪.૭૫ | ૨૨૪૨.૭૩ | ૭૦૮૫.૮૪ | ૧૫૯૫૪.૨૭ | ૧૭૮૪૭.૨૫ | ૨૦૨૧૧.૬૪ |
| ડિપોઝીટ | ૧૩૩૦.૫૪ | ૧૫૨૫.૩૦ | ૪૫૫૫.૩૧ | ૯૭૬૯.૨૪ | ૧૦૫૮૬.૯૬ | ૧૧૯૨૫.૮૪ |
| એડવાન્સીસ | ૪૬૪.૨૧ | ૭૧૭.૪૩ | ૨૫૩૦.૫૩ | ૬૧૮૫.૦૩ | ૭૨૬૦.૨૯ | ૮૨૮૫.૮૦ |
| કુલ ભંડોળ | ૧૯૫.૮૨ | ૨૬૬.૦૫ | ૪૩૩.૩૭ | ૮૧૬.૦૮ | ૮૬૪.૨૨ | ૧૦૮૬.૬૦ |
| ગ્રોસ એન.પી.એ. | ૪૦.૨૯% | ૨૮.૪૨% | ૩.૯૭% | ૦.૩૪% | ૦.૨૫% | ૦.૧૮% |
| નેટ એન.પી.એ. | ૨૮.૩૮% | ૧૭.૬૭% | 0% | 0% | 0% | 0% |

**૩.૧ લાખ સુધીની સરલ કેશ ક્રેડીટ લોન (રૂપે ડેબિટ કાર્ડ ), કાર લોન , હોમ લોન, બિઝનેશ લોન માટે અમારી નજીકની બ્રાંચનો સંપર્ક કરો**

ટોટલ બિઝનેસ રૂ. ૨૫૩૦૯.૬૯ કરોડ | થાપણો રૂ. ૧૫૫૯૫.૪૫ કરોડ | એડવાન્સીસ રૂ. ૯૭૧૪.૨૪ કરોડ | નેટ પ્રોફિટ રૂ. ૯૯.૩૩ કરોડ | ગ્રોસ એન.પી.એ. ૦.૨૭ %

(૩૧-૧૦-૨૬) ટોટલ બિઝનેસ રૂા. ૨૧૭૦૫ કરોડ | ડિપોઝીટ રૂા. ૧૩૦૨૭ કરોડ | એડવાન્સીસ રૂા. ૮૬૭૮ કરોડ (૩૧-૦૩-૨૬) ગ્રોસ એન.પી.એ. ૦.૧૮% | નેટ નફો રૂા. ૧૦૩.૭૧ કરોડ

'નાના માણસોની મોટી બેંક" તથા "No Customer - All are Bank's Family "ના સૂત્રને સાર્થક કરી ગ્રાહકોને શ્રેષ્ઠત્તમ સેવાઓ આપી પોતીકાપણાનો અહેસાસ કરાવતી અને કોર્પોરેટ સર્વિસ પૂરી પાડતી કો-ઓપરેટીવ બેંક

GSC BANK APEX BANK

**ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ. બેંક લિ.**

(શીડ્યુલ્ડ એપેક્ષ બેંક)

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ | ખેડૂત ખાતેદારો, સભાસદો, ડિપોઝીટર્સ તથા સ્ટાફ પરીવાર | શ્રી અજયભાઇ એચ. પટેલ ચેરમેન

ADC BANK

**ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લિ.**

શ્રી જગદીશભાઇ બી. પટેલ વાઇસ ચેરમેન | તથા સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, સભાસદો, ખેડૂત ખાતેદારો, ડિપોઝીટર્સ તથા સ્ટાફ પરીવાર | શ્રી અજયભાઇ એચ. પટેલ ચેરમેન


Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat